વડોદરામાં વિકાસની ગુલબાંગો વચ્ચે વાસ્તવિકતા વરવી

ફરામજીની ચાલમાં પીવાના પાણી માટે 'જંગ' જેવી સ્થિતિ

વડોદરા મહાનગરપાલિકાની કાર્યશૈલી અને 'સ્માર્ટ સિટી'ના મિશન પર ગંભીર સવાલો ઉભા થઇ રહ્યા છે

ગટર મિશ્રિત પાણી આવતા રહીશો ત્રાહિમામ; વારંવારની રજૂઆતો છતાં VMCના અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

સ્માર્ટ સિટી વડોદરામાં એક તરફ કરોડોના ખર્ચે વિકાસના કામોની ગુલબાંગો ફૂંકવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ શહેરના મધ્યમાં આવેલા સયાજીગંજ વિસ્તારની વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. રેલવે સ્ટેશન અને એસ.ટી. ડેપોની બિલકુલ નજીક આવેલી 'ફરામજીની ચાલ'ના રહીશો છેલ્લા છ મહિનાથી પીવાના શુદ્ધ પાણી માટે વલખાં મારી રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા ઘણા સમયથી તેમના વિસ્તારમાં પીવાનું પાણી અત્યંત ઓછાં ફોર્સથી આવે છે. એટલું જ નહીં, જે પાણી આવે છે તે પણ પીવાલાયક હોતું નથી. રહીશોનો ગંભીર આક્ષેપ છે કે નળમાં એકદમ કાળું અને ગટરની તીવ્ર દુર્ગંધ મારતું પાણી આવી રહ્યું છે. આ દૂષિત પાણીને કારણે વિસ્તારમાં નાના બાળકો અને વૃદ્ધોમાં માંદગીનું પ્રમાણ વધ્યું છે અને રોગચાળો ફેલાવવાનો ભય સતાવી રહ્યો છે. રહીશોએ જણાવ્યું કે, આ સમસ્યા અંગે વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓને અનેકવાર મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી છે, છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. સ્થાનિકોના મતે, જ્યારે મીડિયા સમક્ષ આ પ્રશ્ન ઉઠાવવામાં આવે છે ત્યારે જ તંત્ર થોડું જાગતું હોય તેવું જણાય છે. સામાજિક કાર્યકરો દ્વારા જ્યારે પાણી શાખાના અધિકારીઓનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમને માત્ર ફોટા અને વીડિયો મોકલવાનું કહીને સંતોષ માનવામાં આવ્યો હતો. સ્થાનિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, "શું તંત્ર કોઈ મોટી હોનારત કે લોકોના જીવ જાય તેની રાહ જોઈ રહ્યું છે?" સામાન્ય નાગરિક જ્યારે વોર્ડ ઓફિસે જઈને ફરિયાદ કરે છે, ત્યારે તેમની વાત કેમ ગંભીરતાથી લેવામાં આવતી નથી, તે એક મોટો પ્રશ્ન છે. શહેરના હાર્દ સમાન વિસ્તારમાં જ નાગરિકો જ્યારે પાયાની સુવિધાથી વંચિત હોય, ત્યારે વડોદરા મહાનગરપાલિકાની કાર્યશૈલી અને 'સ્માર્ટ સિટી'ના મિશન પર ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. રહીશોની હવે એક જ માંગ છે કે તેમને વહેલી તકે શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવામાં આવે.

માછલી, મગર સહિતના જળચર જીવોનું જીવન જોખમમાં

વડોદરાના ગોત્રી તળાવમાં જંગલી વનસ્પતિની 'લીલી ચાદર' પથરાઈ પાણી ગાયબ

પશ્ચિમ વિસ્તારના ઐતિહાસિક તળાવની તંત્ર દ્વારા ઘોર ઉપેક્ષા; જળચર જીવોનું અસ્તિત્વ જોખમમાં મુકાતા સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલું ઐતિહાસિક અને મહત્વનું ગોત્રી તળાવ અત્યારે વહીવટી તંત્રની ઘોર ઉપેક્ષાનો શિકાર બન્યું છે.

કુદરતી સૌંદર્યથી ભરપૂર ગણાતા આ તળાવમાં અત્યારે પાણી ક્યાંય નજરે પડતું નથી, પરંતુ તેની જગ્યાએ જંગલી વનસ્પતિ અને જાળી-ઝાંખરાનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે. સ્થાનિક અહેવાલો મુજબ, ગોત્રી તળાવની સપાટી પર એટલી હદે જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે કે આખું તળાવ જાણે લીલી ચાદરથી ઢંકાઈ ગયું હોય તેવું લાગે છે. દૂરથી જોતા આ દ્રશ્ય કુદરતી વનરાજી જેવું ભલે લાગે, પણ હકીકતમાં આ પ્રદૂષણ અને તંત્રની લાપરવાહીની નિશાની છે.

આ જંગલી વનસ્પતિને કારણે તળાવનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે અને પાણી દેખાતું પણ બંધ થઈ ગયું છે. આ પરિસ્થિતિની સૌથી ગંભીર અસર તળાવમાં વસતા જળચર જીવો, ખાસ કરીને મગરો પર પડી છે. તળાવમાં જંગલી જાળી-ઝાંખરા અને વનસ્પતિનો વ્યાપ એટલો વધી ગયો છે કે મગરોને પાણીમાં રહેવું મુશ્કેલ બન્યું છે.

શ્વાસ લેવામાં કે હલનચલન કરવામાં પડતી તકલીફને કારણે મગરો પણ પાણી છોડીને બહાર આવવા મજબૂર બન્યા છે, જેના કારણે આસપાસના રહીશોમાં પણ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

સાહિત્ય ગ્રીન ફ્લેટના રહીશો છેલ્લા 3 વર્ષથી ટીપાં-ટીપાં પાણી માટે તરસે છે; બિલ્ડરના વાયદા પોકળ

"પાણી નહીં તો વોટ નહીં", વાઘોડિયા રોડના 212 પરિવારોનો મ્યુનિ. ચૂંટણીના બહિષ્કારનો હુંકાર!

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા શહેરમાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ પાણીની બૂમરાણ શરૂ થઈ ગઈ છે. વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલા 'સાહિત્ય ગ્રીન ફ્લેટ'ના રહીશો છેલ્લા ત્રણ વર્ષથી પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. રહીશોનો આક્ષેપ છે કે તેઓને પીવાનું શુદ્ધ પાણી મળતું નથી અને જે પાણી આવે છે તે અત્યંત ખારું હોવાથી સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ રહ્યું છે.ફ્લેટમાં રહેતા રહીશોએ જણાવ્યું હતું કે, આ સમસ્યા કોઈ એક-બે દિવસની નથી પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી તેઓ હાલાકી ભોગવી રહ્યા છે. બિલ્ડર દ્વારા 24 કલાક પાણી આપવાના અને મીટર લગાવવાના વાયદા કરવામાં આવ્યા હતા, પરંતુ વાસ્તવિકતામાં રહીશોને પીવાલાયક પાણી મળી રહ્યું નથી. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે જો સોસાયટી ટેન્કરથી પાણી મંગાવે તો દર મહિને આશરે 3 લાખ રૂપિયા જેવું તોતિંગ બિલ આવે તેમ છે, જે સામાન્ય પરિવારો માટે અશક્ય છે.

ખારા પાણીના વપરાશને કારણે ફ્લેટમાં રહેતા બાળકો, મહિલાઓ અને વૃદ્ધોના સ્વાસ્થ્ય પર માઠી અસરો જોવા મળી રહી છે. રહીશોના જણાવ્યા અનુસાર, ખારા પાણીને કારણે ચામડીના રોગો વધી રહ્યા છે અને વાળ ખરવાની સમસ્યા પણ સામાન્ય બની ગઈ છે. કામકાજી મહિલાઓને પણ ઘરકામ માટે પાણી ન મળતા ભારે મુશ્કેલી પડી રહી છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે રહીશોમાં તંત્ર અને રાજકીય નેતાઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ આક્ષેપ કર્યો છે કે, "વોટ માંગવા માટે તો બધા આવે છે, પરંતુ પાયાની જરૂરિયાત સમાન પાણી માટે કોઈ સાંભળવા તૈયાર નથી". જો આગામી સમયમાં પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં નહીં આવે, તો સાહિત્ય ગ્રીન ફ્લેટના તમામ રહીશોએ આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની અને કોઈ પણ પક્ષને મત ન આપવાની ચીમકી ઉચ્ચારી છે.

તંત્રની નબળી કામગીરી કે લોકોના ટેક્સના પૈસાનો વેડફાટ?

અટલાદરામાં પાણીની લાઈન ફરી 'લીક' થતા પાણીની રેલમછેલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા શહેરમાં એકતરફ ઉનાળાની શરૂઆત સાથે જ અનેક વિસ્તારોમાં પીવાના પાણીની બૂમરાણ મચી છે, ત્યારે બીજી તરફ તંત્રની બેદરકારીને કારણે હજારો ગેલન શુદ્ધ પાણી ગટરમાં વહી રહ્યું હોવાની ઘટના સામે આવી છે. વડોદરાના અટલાદરા વિસ્તારમાં આવેલી પાણીની ટાંકી પાસે જ મુખ્ય લાઈનમાં મોટું લીકેજ સર્જાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અટલાદરાથી અક્ષરધામ તરફ જતી પાણીની મુખ્ય લાઈનમાં છેલ્લા ઘણા સમયથી વારંવાર ભંગાણ પડવાની ઘટનાઓ બની રહી છે. સ્થાનિક રહીશના જણાવ્યા અનુસાર, ગત 18 ફેબ્રુઆરીના રોજ જ આ લાઈનનું સમારકામ કરવામાં આવ્યું હતું, પરંતુ માત્ર 15-20 દિવસમાં જ ફરીથી ત્યાં લીકેજ શરૂ થઈ ગયું છે. આ વિસ્તારમાં વર્ષમાં અંદાજે 10 થી 15 વખત લીકેજ થતું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. રસ્તા પર પાણી ભરાઈ જવાને કારણે સ્કૂલ બસો, નોકરી પર જતા લોકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

નવી કીટ અને આયુષ્માન કાર્ડની સુવિધા સાથે દર્દીઓને મળી રહી છે ઉત્તમ સારવાર

ગોત્રી હોસ્પિટલમાં 'વર્લ્ડ કિડની ડે'ની પ્રેરણાદાયી ઉજવણી, દર્દીઓએ સ્ટાફની સેવાની સરાહના કરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.12

વિશ્વભરમાં કિડનીના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે ઉજવવામાં આવતા 'વર્લ્ડ કિડની ડે' નિમિત્તે વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના ડાયાલિસિસ વિભાગમાં સારવાર લઈ રહેલા દર્દીઓને પ્રોત્સાહિત કરવા અને કિડની રોગ પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુ સાથે આ દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગોત્રી હોસ્પિટલના ડાયાલિસિસ વિભાગમાં ફરજ બજાવતી નર્સો દ્વારા વિભાગના પ્રવેશદ્વારે કિડની જાગૃતિના સંદેશ સાથે આકર્ષક રંગોળી પૂરીને વાતાવરણને સકારાત્મક બનાવ્યું હતું. આ પ્રસંગે વિભાગમાં સારવાર લઈ રહેલા તમામ દર્દીઓને પૌષ્ટિક નાસ્તો આપીને તેમનું મોઢું મીઠું કરાવવામાં આવ્યું હતું. હોસ્પિટલના મેડિકલ સ્ટાફ દ્વારા દર્દીઓને કિડનીના સ્વાસ્થ્યની જાળવણી કેવી રીતે કરવી તે અંગે પણ માર્ગદર્શન અપાયું હતું. ડાયાલિસિસ માટે દાખલ દર્દી વિજયભાઈ શનાભાઈ ગોહિલે પોતાનો અનુભવ વર્ણવતા જણાવ્યું હતું કે, હું છેલ્લા બે વર્ષથી નિયમિતપણે ગોત્રી હોસ્પિટલમાં ડાયાલિસિસ કરાવવા માટે આવું છું. અહીંના ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફનો વ્યવહાર ખૂબ જ માનવીય છે. સૌથી મોટી વાત એ છે કે અહીં દરેક ડાયાલિસિસ વખતે નવી કીટનો ઉપયોગ કરવામાં આવે છે, જેનાથી ઈન્ફેક્શનનો ડર રહેતો નથી. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આયુષ્માન કાર્ડ (PMJAY) યોજના અંતર્ગત મને અહીં સારવાર તો મફત મળે જ છે, પરંતુ હોસ્પિટલ દ્વારા આવા-જવા માટેનું મુસાફરી ભાડું પણ સમયસર ચૂકવી દેવામાં આવે છે. મને અહીં ક્યારેય કોઈ તકલીફ પડી નથી. આ પ્રસંગે ફરજ પરના નર્સ ચંદ્રિકાબેન ઝાલાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ગોત્રી હોસ્પિટલનો ડાયાલિસિસ વિભાગ સતત કાર્યરત રહે છે. અહીં દરરોજ સરેરાશ 25 થી 30 જેટલા દર્દીઓ ડાયાલિસિસ માટે આવે છે. અત્યાધુનિક મશીનો અને અનુભવી સ્ટાફ દ્વારા દર્દીઓની ખાસ કાળજી લેવામાં આવે છે.

ગાંધીનગરની વિશેષ ટીમ દ્વારા વડોદરા જિલ્લાના વહીવટી તંત્ર અને કોર્પોરેશનના સ્ટાફને અપાઈ તાલીમ

આગામી 20મી તારીખથી વસ્તી ગણતરીનો પ્રારંભ, કલેક્ટર કચેરી ખાતે ટ્રેનિંગ સત્ર યોજાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

દેશના ભાવિ આયોજન માટે અત્યંત મહત્વપૂર્ણ એવી વસ્તી ગણતરીની પ્રક્રિયા હવે વેગ પકડી રહી છે. વડોદરા જિલ્લામાં આગામી 20મી તારીખથી વસ્તી ગણતરીની કામગીરી વિધિવત રીતે શરૂ થવા જઈ રહી છે. આ કામગીરીના સુચારુ સંચાલન માટે જિલ્લા કલેક્ટર કચેરીના ધારાસભા હોલ ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક અને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વસ્તી ગણતરીની કામગીરીમાં કોઈ ક્ષતિ ન રહી જાય તે હેતુથી ગાંધીનગરથી ખાસ નિષ્ણાતોની ટીમ વડોદરા આવી પહોંચી છે. આ ટીમ દ્વારા વડોદરા જિલ્લા કલેક્ટર કચેરીનો સ્ટાફ, વિવિધ તાલુકા મથકોના જવાબદાર અધિકારીઓ તેમજ વડોદરા મહાનગરપાલિકા (VMC) ના સ્ટાફને ઝીણવટભરી તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં ડેટા કલેક્શન, ડિજિટલ એન્ટ્રી અને વસ્તી ગણતરીના વિવિધ પાસાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કે વહીવટી સ્ટાફને સજ્જ કર્યા બાદ, હવે આગામી દિવસોમાં ગ્રાઉન્ડ લેવલ પર કામ કરનાર કર્મચારીઓ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં જે શિક્ષકો અને સુપરવાઈઝરો પ્રત્યક્ષ રીતે ઘરે-ઘરે જઈને ગણતરી કરવાના છે, તેમને પણ સઘન તાલીમ આપવામાં આવશે. આ વખતે વસ્તી ગણતરીમાં ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ થવાનો હોવાથી સ્ટાફને તે બાબતે ખાસ માર્ગદર્શન અપાયું છે. કલેક્ટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં રીટાબેન, (અધિક ચીટનીશ) એ જણાવ્યું હતું કે, વસ્તી ગણતરી એ રાષ્ટ્રીય મહત્વનું કાર્ય છે. 20મી તારીખથી શરૂ થનારી આ ઝુંબેશમાં વડોદરા જિલ્લાનો એક પણ વિસ્તાર કે પરિવાર બાકાત ન રહી જાય તે માટે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું છે.

દેણા બ્રિજથી ગોલ્ડન ચોકડી તરફના સર્વિસ રોડ પર વોચ ગોઠવી હતી

હરણી પોલીસે દારૂના જથ્થા સાથે ચાર આરોપી ઝડપ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા નજીક નેશનલ હાઈવે-48 પર હરણી પોલીસે દારૂના જથ્થા સાથે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. દેણા બ્રિજથી ગોલ્ડન ચોકડી તરફના સર્વિસ રોડ પરથી મળેલી બાતમીના આધારે પોલીસે રેડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ તપાસ દરમિયાન એક કન્ટેનરમાંથી મહિન્દ્રા પિકઅપ વાહનમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો હતો. તે દરમિયાન હરણી પોલીસે સ્થળ પર દરોડો પાડી ચારેય આરોપીઓને રંગેહાથ ઝડપ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન પોલીસે 4,498 બોટલ અને ટીન સાથે રૂ.23.06 લાખનો વિદેશી દારૂ કબજે કર્યો હતો. આ ઉપરાંત મોબાઈલ ફોન, કન્ટેનર ટ્રક અને પિકઅપ સહિત કુલ રૂ.36.19 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી આગળની તપાસ શરૂ કરી છે.

જાગૃત નાગરિકો દ્વારા પોલીસ કમિશનરને આવેદન

વડોદરામાં કાળઝાળ ગરમીનો પ્રકોપ, 'બપોરે ટ્રાફિક સિગ્નલો બંધ કરવા માંગ'

પોલીસ જવાનો માટે AC હેલ્મેટ અને ORSની સુવિધા ઉભી કરવા પવન ગુપ્તાની રજૂઆત, પ્રજાને સિગ્નલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી સૂર્યદેવતા આકરા પાણીએ છે. તાપમાનનો પારો સતત ઊંચે જઈ રહ્યો છે ત્યારે કાળઝાળ ગરમીમાં શેકાતી જનતા વતી આજે વડોદરા શહેર યુથ કોંગ્રેસ મેદાને આવ્યું છે. યુથ કોંગ્રેસના પ્રમુખ પવન ગુપ્તાની આગેવાનીમાં આજે પોલીસ કમિશનરને એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવીને બપોરના સમયે ટ્રાફિક સિગ્નલો બંધ રાખવા તેમજ ટ્રાફિક જવાનોની સુરક્ષા માટે વિશેષ સુવિધાઓ ઊભી કરવા ધારદાર રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, બપોરના 1 થી 4 વાગ્યા દરમિયાન ગરમીનું પ્રમાણ સૌથી વધુ હોય છે. આ સમયે ટ્રાફિક સિગ્નલ પર ઉભા રહેવું વાહનચાલકો માટે સજા સમાન બની જાય છે. ગરમ પવન અને સિગ્નલ પરના વેઈટિંગ ટાઈમને કારણે લોકો ડિહાઈડ્રેશન અને લૂ નો શિકાર બની રહ્યા છે. વડોદરા વાસીઓને આ અસહ્ય ગરમીમાંથી રાહત આપવા માટે શહેરના તમામ મુખ્ય ચાર રસ્તાઓ પર બપોરે 1 થી 4 વાગ્યા સુધી સિગ્નલો બંધ રાખવા અથવા તો તેને બ્લિંકર મોડ પર રાખવા માંગણી કરવામાં આવી છે. યુથ કોંગ્રેસના પ્રમુખ પવન ગુપ્તાએ માત્ર જનતા જ નહીં, પરંતુ રસ્તા પર ફરજ બજાવતા ટ્રાફિક જવાનોની પીડા ને પણ વાચા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે સામાન્ય નાગરિક એસી રૂમમાં બેઠો હોય છે, ત્યારે ટ્રાફિક જવાનો ધગધગતા ડામરના રસ્તા પર ઉભા રહીને ફરજ બજાવે છે.

નસકોરાં એ ઘસઘસાટ ઊંઘ નથી પણ 'સાઈલેન્ટ કિલર', વડોદરાની SSG હોસ્પિટલમાં સ્લીપ એપનિયા માટે અત્યાધુનિક સુવિધાનો પ્રારંભ

જોરથી નસકોરાં બોલાવવા એ ઊંઘની નિશાની નહીં, પરંતુ ગંભીર બીમારી

નિદાનના અભાવે 80-90% દર્દીઓ જોખમમાં, વડોદરામાં જ 2 લાખથી વધુ લોકો પીડિત હોવાનો અંદાજ



(પ્રતિનિધિ), વડોદરા. તા. 12

'સાઈલેન્ટ કિલર' સમાન સ્લીપ એપનિયા સામે જંગ છેડતી સયાજી હોસ્પિટલ, હવે અત્યાધુનિક 'પોલિસોમ્નોગ્રાફી' મશીનથી થશે સચોટ નિદાન. ઘરમાં કોઈ વડીલ કે યુવાન જોરજોરથી નસકોરાં બોલાવીને સૂતું હોય ત્યારે આપણે ઘણીવાર મજાકમાં કહીએ છીએ કે, "આજે તો ઘસઘસાટ ઊંઘ આવે છે!" પરંતુ સાવધાન, આ હસવા જેવી વાત નથી. તબીબી વિજ્ઞાન અનુસાર, નસકોરાં એ 'ઓબસ્ટ્રક્ટિવ સ્લીપ એપનિયા' (OSA) નામની ભયાનક બીમારીનું પ્રબળ લક્ષણ છે, જે રાત્રિના સમયે તમારા શ્વાસ રૂંધીને હાર્ટ એટેક કે સ્ટ્રોકનું કારણ બની શકે છે. વિશ્વ નિંદ્રા દિવસ (World Sleep Day) નિમિત્તે વડોદરાની એસ.એસ.જી. (SSG) હોસ્પિટલના E.N.T. વિભાગે આ દિશામાં એક ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે. હોસ્પિટલ ખાતે હવે અત્યાધુનિક 'પોલિસોમ્નોગ્રાફી' (Sleep Study) મશીન કાર્યરત કરવામાં આવ્યું છે, જે દર્દીની ઊંઘની ગુણવત્તા અને શ્વાસની ગતિનું માઈક્રોસ્કોપિક સ્તરે વિશ્લેષણ કરશે. આંકડાઓ અત્યંત ડરામણા છે. ભારતમાં અંદાજે 10.4 કરોડ લોકો સ્લીપ એપનિયાનો શિકાર છે. ગુજરાતની વાત કરીએ તો 50 લાખથી વધુ અને માત્ર વડોદરામાં જ 2 લાખથી વધુ લોકો આ 'સાઈલેન્ટ કિલર' સાથે જીવી રહ્યા છે. કરુણતા એ છે કે, જાગૃતિના અભાવે 80-90% દર્દીઓ ક્યારેય ડોક્ટર પાસે પહોંચતા જ નથી. સયાજી હોસ્પિટલનો E.N.T. વિભાગ આ ક્ષેત્રે ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં અગ્રેસર રહ્યો છે. અત્યાર સુધીમાં, 100 થી વધુ સ્લીપ સ્ટડી સફળતાપૂર્વક કરવામાં આવી છે.

25 દર્દીઓ પર અત્યાધુનિક 'ડ્રગ ઈન્ડ્યુસ્ડ સ્લીપ એન્ડોસ્કોપી' (DISE) કરવામાં આવી છે, જેનાથી શ્વાસ ક્યાં અટકે છે તે જાણી શકાય છે. 16 જટિલ સર્જરીઓ કરીને દર્દીઓને નસકોરાં અને શ્વાસની તકલીફમાંથી કાયમી મુક્તિ અપાઈ છે. વિભાગ હવે CSR ફંડિંગ દ્વારા એવી 'વર્લ્ડ ક્લાસ સ્લીપ લેબોરેટરી' સ્થાપવા જઈ રહ્યો છે, જેવી સુવિધા હાલમાં રાજ્યની અન્ય કોઈ સરકારી સંસ્થા પાસે નથી. નસકોરાં અને ઊંઘની સમસ્યા ધરાવતા દર્દીઓ માટે સારા સમાચાર એ છે કે, આવતીકાલ (શુક્રવાર, 13 માર્ચ 2026) થી એસ.એસ.જી. હોસ્પિટલમાં ખાસ ઓપીડી શરૂ થઈ રહી છે. જેમાં આ કાર્યક્રમનો સમય દર શુક્રવારે બપોરે 3:30 કલાકે ઓપીડી નંબર - 15, E.N.T. વિભાગ, SSG હોસ્પિટલ, વડોદરામાં યોજાશે તેમ પણ જણાવાયુ છે.

જો તમને અથવા તમારા પરિવારમાં કોઈને જોરથી નસકોરાં આવતા હોય, સવારે ઉઠ્યા પછી માથું દુખતું હોય કે દિવસ દરમિયાન ખૂબ ઊંઘ આવતી હોય, તો આ ક્લિનિકની મુલાકાત લેવી અનિવાર્ય છે. યાદ રાખો, સમયસરનું નિદાન જ જીવ બચાવી શકે છે.

10 x 4 ની દીવાલ અને 10 x 10 ની ઓરડી તોડી પડાઈ

વર્ષો જૂના દબાણો પર બુલડોઝર ફરી વળ્યું; રાવપુરાના રહીશોએ રાહતનો શ્વાસ લીધો

એસઆરપીના કાફલા સાથે દબાણ શાખાની મોટી કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા શહેરના ઐતિહાસિક ચાર દરવાજા વિસ્તારમાં છેલ્લા લાંબા સમયથી ગેરકાયદે દબાણોનો રાફડો ફાટ્યો છે. ટ્રાફિક અને અવરજવરથી સતત ધમધમતા રાવપુરા ઘી-કાંટા રોડ પર આજે વડોદરા મહાનગર પાલિકાના દબાણ શાખા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. પાલિકાએ રાવપુરા રોડ પર આવેલ 'શુ વર્લ્ડ' શો-રૂમની પાછળ બનાવવામાં આવેલી ગેરકાયદે દીવાલ અને વાલ્મિકી વાસની ઓરડી પર બુલડોઝર ફેરવી દીધું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, રાવપુરા ઘી-કાંટા રોડ પર આવેલી ગરનાળા પોલીસ ચોકીની બિલકુલ સામે ચૌહાણ સોસાયટી આવેલી છે. આ સોસાયટીના માર્ગ પર 'શુ વર્લ્ડ' શો-રૂમની પાછળના ભાગે અંદાજે 10 x 4 ફૂટની ગેરકાયદે દીવાલ ઉભી કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત, આ જ વિસ્તારમાં વાલ્મિકી વાસની 10 x 10ની ગેરકાયદે ઓરડી પણ બનાવી દેવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. આ દબાણોને કારણે જાહેર રસ્તો સાંકડો થઈ ગયો હતો અને સ્થાનિકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. ગેરકાયદે દબાણોની ફરિયાદ મળતા જ પાલિકાના દબાણ શાખાની ટીમ જેસીબી અને બુલડોઝર સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસ અને એસઆરપીના જવાનોનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો. પાલિકાએ બન્ને ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવીને રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગરનાળા પોલીસ ચોકીની સામે આવેલી ચૌહાણ સોસાયટીમાં આ ઓરડી ગેરકાયદેસર રીતે બનાવવામાં આવી હતી. પાલિકા તંત્રની આ આક્રમક કાર્યવાહીથી ભૂમાફિયાઓ અને ગેરકાયદે દબાણ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.